પક્ષીપરબ - ઉનાળાના આકરા તાપમાં અબોલ પશુ-પક્ષીઓને પાણી અને ચણ માટે સેવાભાવી સંસ્થાઓ અને વ્યક્તિઓ અનેક ઉપાયો કરે છે... પરંતુ અહીં ગાંધીનગરના રાજમાર્ગોની આસપાસની ઝાડીમાં અને અન્ય વિસ્તારોમાં રહેતા શ્રમજીવી પરિવારે પણ સેવાની ભેખમાં આગવું યોગદાન આપવા ઘરના માટલામાંથી પક્ષી તરસ છીપાવવા પક્ષીપરબ બનાવી છે... આ શ્રમજીવી પરિવારની સુઝબુઝ અને સેવા ભાવનાને સલામ કરવાનું મન થઈ જાય છે...

શહેરના ઘ-માર્ગ પર સર્વિસ રોડ બનાવાની યોજના અભેરાઈએ ચઢી

અગાઉ મુખ્યમાર્ગો ટ્રાફિકનુ ભારણ ઘટાડવા અનેકવિધ સરકારી કચેરીઓને ધ્યાને લઇ સર્વિસ રોડ બનાવાની દરખાસ્ત વિભાગને કરવામાં આવી હતી

ગાંધીનગર તા ૧૩

શહેરના મુખ્ય ઘ માર્ગ પર સર્વિસ રોડ બનાવાની યોજના વિસરાઈ છે. અગાઉ મુખ્યમાર્ગ પર ટ્રાફિકનુ ભારણ ઘટાડવા માટે ઘ-૪ થી પથિકાશ્રમ રૂટમાં સર્વિસ રોડ બનાવાનુ આયોજન કરાયુ હતુ. જો કે આ કાર્યયોજના અન્વયે જમીનની મંજુરી મેળવવાની પ્રક્રીયા પણ જટીલ બન્યુ હતુ. જો કે મુખ્યમાર્ગ પર અનેકવિધ સરકારી કચેરીઓ પણ ધમધમતી હોવાથી સર્વિસ રોડનુ કામ પુર્ણ થાય તે અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. શહેરના માર્ગો પર સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થતા ટ્રાફિકનુ સંચાલન કરવા માટે પણ ટ્રાફિક સિગ્નલ શરૂ કરી દેવાયા છે. પરંતુ હજુ પણ નગરના મુખ્યમાર્ગો પરના ટ્રાફિકનુ ભારણ ઘટાડવા માટે સમાંતર સર્વિસ રોડ બનાવાની યોજનાનુ આયોજન થયુ નથી. ઘ માર્ગ પર ઘ-૪ થી પથિકાશ્રમ સુધી સર્વિસ રોડ બનાવાની કામગીરી હજુ પણ હાથ ધરી શકાઇ નથી. રૂટમાં આવતી જમીન સંદર્ભે પણ જરૂરી મંજુરી મેળવવાનો પ્રશ્ન અગાઉ ઉભો થયો હતો. જેના લીધે કાર્ટ સંકુલથી પથિકાશ્રમ વચ્ચે હજુ પણ સર્વિસ રોડ બન્યો નથી. શહેરના મુખ્યમાર્ગ પર ઓફિસ અવર્સ દરમિયાન ટ્રાફિકનો ધમધમાટ વિશેષ જોવા મળે છે. જયારે આ રૂટમાં સરકારી કચેરીઓ પણ ધમધમે છે. કોર્ટ ઉપરાંત કલેકટર કચેરી, મહાનગરપાલિકા, ઉદ્યોગભવન, પોષ્ટ કચેરી તેમજ એસ ટી ડેપો અને પથિકાશ્રમનુ બિલ્ડીંગ મુખ્યમાર્ગને અડીને છે. જેના લીધે આ રૂટમાં

● અનુસંધાન પાન-૭ પર

આજે ગાંધીનગર સહિત રાજયભરમાં રામનવમી ધામધૂમથી ઉજવાશે

રાજયમાં રામમંદિરો-હનુમાન મંદિરોમાં આયોજન : ભગવાન સ્વામિનારાયણની જયંતિ હોઇ સ્વામિનારાયણ મંદિરોમાં ઘણા કાર્યક્રમો : શ્રદ્ધાળુઓમાં અભૂતપૂર્વ ઉત્સાહ

ગાંધીનગર,તા. ૧૩

આવતીકાલે ભગવાન શ્રીરામચંદ્ર ભગવાનજીનો જન્મદિવસ એટલે કે, રામનવમીનું પવિત્ર પર્વ છે, જેને લઇ ગાંધીનગર શહેર સહિત રાજયભરના રામજીમંદિરોમાં સાથે સાથે તેમના પરમભકત હનુમાનજી મંદિરોમાં વિશેષ પ્રભુ શ્રીરામના જન્મોત્સવ, હિંડોળા, સાજ-શણગાર, પૂજા-પાઠ, રામધૂન, રામાયણ પાઠ, સુંદરકાંડના પાઠ સહિતના અનેકવિધ ભકિતસભર કાર્યક્રમોનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

શહેરના પંચદેવ મંદિર સહિત વિવિધ સેકટરોમાં રામજન્મોત્સવની રામધૂનથી ઉજવણી થશે. અખંડ રામધૂન અને સુંદરકાંડના પાઠના કાર્યક્રમોનું ઠેર ઠેર આયોજન કરાયું છે.

આ ઉપરાંત ગાંધીનગર આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ રામનવમીની ધામધૂમથી ઉજવણી કરવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. રામજન્મોત્સવ ઉજવવા માટે શહેરી વિસ્તારની સાથે સાથે ગ્રામ્ય વિસ્તારમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર શહેર ઉપરાંત અમદાવાદ શહેરના રિલીફરોડ પર આવેલ હાજા પટેલની પોળમાં આવેલા ૬૦૦ વર્ષ પ્રાચીન શ્રી કાળા રામજી મંદિરમાં આવતીકાલે શ્રી રામ જન્મોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તો, શહેરના શાહીબાગ વિસ્તારમાં આવેલા સુપ્રસિધ્ધ કેમ્પ હનુમાનજી મંદિરમાં આવતીકાલે રામનવમી નિમિતે આવિન રઘુવંશી અને ત્રિવિન રઘુવંશી દ્વારા ખાસ હનુમાનચાલીસા અને ભવ્ય સુંદરકાંડના મહાપાઠનું આયોજન કરવામાં આવ્યું છે.

સાથે સાથે આવતીકાલે ભગવાન સ્વામિનારાયણની પણ જન્મજયંતિ હોઇ શહેરના શાહીબાગ, ગુરૂકુળ, છારોડી સહિતના સ્વામિનારાયણ મંદિરોમાં સ્વામિનારાયણ ભગવાનના જન્મોત્સવની ઉજવણીનું પણ ખાસ આયોજન કરવામાં આવ્યું છે. ભગવાન શ્રીરામના જન્મદિવસ એવી રામનવમીને લઇ શહેરના રામજીમંદિરો, કૃષ્ણમંદિરો અને તેમના પરમભકત એવા હનુમાનજી મંદિરોમાં શ્રીરામ જન્મોત્સવની ઉજવણીની તડામાર તૈયારીઓ કરાઇ છે. શ્રી રામનવમીને લઇ ભકતોમાં ભારે ઉત્સાહ અને ભકિતનો માહોલ છવાયો છે.

બેસણું / પ્રાર્થના સભા

અમારા પૂજ્ય પિતાશ્રી **રમેશચંદ્ર જગન્નાથ** ભટ્ટનું દુઃખદ અવસાન તા. ૧૨/૪/૨૦૧૯, શુક્રવારના રોજ થયેલ છે. 'ઈશ્વર ઈચ્છા બલિયસી'. **સદ્‌ગતનું બેસણું / પ્રાર્થના સભા તા. ૧૫/૪/૨૦૧૯ને સોમવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૧.૩૦** સુધી નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : બ્રહ્મભવન, રંગમંચની સામે, સેક્ટર-૧૬, ગાંધીનગર

લી.
સંદીપ રમેશચંદ્ર ભટ્ટ
(સકસેસ વાઈબ્રન્ટ એચ.આર. એન્ડ પી.આર. સોલ્યુશન)
જયેન્દ્ર (જયદીપભાઈ) રમેશચંદ્ર ભટ્ટ
(ગુરૂકૃપા એર એડ એજન્સી)
કીર્તી અમીતકુમાર શાસ્ત્રી

નોંધ : લોકાચાર (લૌકિક ક્રિયા) બંધ રાખેલ છે.

રવિવારે અમિત શાહ - સી.જે.ચાવડા ગાંધીનગર (ઉ)માં પ્રચાર કરશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર તાલુકામાં આજે ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોનું પ્રચાર અભિયાન હોવાથી શહેર અને તાલુકામાં રાજકીય ઉત્તેજનાઓ એકદમ વધી જવા પામી છે.

આજે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગાંધીનગરના ઉમેદવાર અમીત શાહ રાંધેજા ખાતે તેમજ ગાંધીનગર શહેરમાં સે. ૨૨ના રંગમંચ ખાતે કાર્યકરો સાથે બેઠક કરનાર છે તેમની સાથેના આ સંવાદની સાથે સાથે કલોલ ખાતે રોડ શૉ અને કાર્યકરો સાથે પણ બેઠક કરવાના હોવાથી ભાજપના આગેવાનો તેની તડામાર તૈયારીમાં લાગી ગયા છે.

બીજી તરફ કોંગ્રેસના ઉમેદવાર અને ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા પણ સાંજે ગાંધીનગર શહેરના ગોંદરે વાવોલ ખાતે જનસંપર્ક અભિયાન કરનાર છે.

ડૉ. ચાવડાએ આજે કલોલ ખાતે જાહેરસભા તેમજ કાર્યકરો સાથે બેઠક કરી હતી. ડૉ. ચાવડા દ્વારા સંસદીય મતવિસ્તારના બે રાઉન્ડ દ્વારા જનસંપર્ક અભિયાન સંપન્ન થઈ ગયાનું કોંગ્રેસના સૂત્રોએ જણાવ્યુ છે.

બન્ને ઉમેદવારો એક જ દિવસે ગાંધીનગર (ઉ) બેઠક પર પ્રચાર અભિયાનમાં વ્યસ્ત હોવાથી રાજકીય ઉત્તેજનાઓ ઉત્તેજીત બની વહે તે પણ સ્વાભાવિક છે.

આ બન્ને ઉમેદવારોના સમર્થકો દ્વારા ડોર ટુ ડોર અભિયાન હાલ પૂરજોશમાં ચાલી રહ્યુ છે એટલુ જ નહિ જાહેર પ્રચારને પણ વેગીલો બનાવી દીધો છે.

કલોલ પાલિકાના ઉપપ્રમુખ આજે ભાજપમાં જોડાશે

ગાંધીનગર, તા. ૧૩

લોકસભાની ચૂંટણીને આડે હવે ૧૦ દિવસથી પણ ઓછો સમય બાકી રહ્યો છે ત્યાં જિલ્લા કોંગ્રેસને આજે મોટો આંચકો આવ્યો છે.

કલોલ નગરપાલિકામાં વીસ વર્ષ બાદ સત્તા મેળવનાર કોંગ્રેસમાંથી ઉપપ્રમુખ બનેલ પ્રકાશ વરગડે આજે કોંગ્રેસ સાથે છેડો ફાડી અને વિધિવત્ રીતે ભાજપમાં જોડાનાર છે.

પ્રકાશ વરગડે કોંગ્રેસ છોડી ભાજપમાં અમીતભાઈ શાહની હાજરીમાં જોડાવાના છે. કોંગ્રેસના ગઢમાં ગાબડુ પડતાં આજે કોંગ્રેસના નેતાઓએ મૌન સેવી લીધુ છે. જોકે ભાજપમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આજે એસ ટી ડેપોમાં નવચંડી યજ્ઞ

ગાંધીનગર તા ૧૩

મુસાફરો સલામત સવારી કરી સુરક્ષિત રહે તે માટે ગાંધીનગર એસ ટી ડેપોમાં સવારે ૯ કલાકે આજે સતત અઢારમાં વર્ષે નવચંડી યજ્ઞનુ આયોજન કરવામાં આવ્યુ છે. એસ ટી નિગમની સધ્ધરતા તેમજ અકસ્માત નિવારણના ઉમદા હેતુથી આ નવચંડી યત્રનુ પ્રતિવર્ષ આયોજન કરવામાં આવે છે. આ ધાર્મિક પ્રસંગે ધોળેશ્વર મહાદેવના મહંતશ્રી પુજય રામસ્વરૂપ પુરી શ્રીફળ હોમી આર્શીવચન પાઠવશે. શ્રીફળ હોમવાનો સમય સાંજે ૪ : ૩૦ કલાકનો છે.એસ ટી નિગમના વિભાગીય નિયામક એન બી સિસોદીયા સહીત ગાંધીનગર ડેપોના કર્મચારીઓ તેમજ ડેપો મેનેજર પણ હાજર રહેશે.

ગાંધીનગરમાં આગામી બે દિવસમાં કરા સાથે વરસાદ પડવાની સંભાવના

ગાંધીનગર અમદાવાદમાં પણ ગાજવીજ સાથે કમૌસમી માવઠુ પડે તેવી શક્યતા : કચ્છ -સૌરાષ્ટ્ર સહીત મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ પડવાની વકી ગરમીનુ જોર પણ હળવુ થશે : અંબારામ પટેલ

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર સહીત સમગ્ર રાજયમાં આકરી ગરમીનો કહેર છે. શહેરમાં પણ ગરમીનો મિજાજ ઉગ્ર બનતા નગરજનો આકાશી અગ્નજવાળથી ચામડીના દાહ અનુભવી રહ્યા છે. જયારે આગામી બે દિવસમાં મોસમનો મિજાજ નાટયાત્મક રીતે બદલાય તેવી સંભાવના છે. તા ૧૪,૧૫ અને ૧૬ એપ્રિલના રોજ સૌરાષ્ટ્ર કચ્છ તેમજ મધ્ય ગુજરાતના ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની સંભાવના છે. ગાંધીનગર અમદાવાદમાં પણ ગાજવીજ સાથે કમૌસમી માવઠુ પડે તેવી શક્યતા છે.

રાજયમાં આકરી ગરમીનો કહેર યથાવત છે. ગાંધીનગરમાં પણ ગરમી હવે હદ ઓળંગી રહી છે ત્યારે આકરી ગરમી વચ્ચે અચાનક જ મોસમમાં બદલાવ આવે તેવી સંભાવના છે. આ અંગે જાણીતા જયોતિષ અંબારામ દા પટેલેના જણાંવ્યા મુજબ તા ૧૪ થી ૧૬માં આવતા પશ્ચિમી વિક્ષેપ મોટા વાદળોના સમુહમાં રહે અને ગુજરાત સૌરાષ્ટ્રના ઘણાં ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ વરસે તેવી શક્યતા છે. જયારે કોઇ કોંઇ ભાગમાં બરફના કરા પણ પડે તેવા સંજોગો છે. તા ૧૪ કચ્છના ભાગો તેમજ તા ૧૫ અને ૧૬ મધ્ય ગુજરાતના ભાગો ઉપરાંત અમદાવાદ અને ગાંધીનગરના આકાશમાં પણ વાદળો નીચા આવશે. જયારે ગાજવીજ સાથે વરસાદ વરસવાની પણ સંભાવના છે. આ દરમિયાન મહત્તમ તાપમાન પણ નીચુ આવશે જેથી ગરમીમાં પણ રાહત થશે. જયારે આગામી તા ૧૯ એપ્રિલથી ફરી ગરમીનુ મોજુ ફરી વળશે. બુધ શુક્રના યોગના લીધે તેમજ સુર્ય નક્ષત્ર બદલવાના લીધે ભુ ભૌગોલિક કારણો, પશ્ચિમી ગરબડ ગ્રહોના લીધે સ્પષ્ટ થઈ રહી છે. તેમ પણ તેમણે જણાંવ્યુ છે.

આજે અમિત શાહ ગાંધીનગર આવશે કાર્યકર્તાઓ સાથે ચુંટણીલક્ષી બેઠક

ગાંધીનગર તા ૧૩

આગામી લોકસભાની ચુંટણીને અનુલક્ષી ગાંધીનગર બેઠક પર ચુંટણી મેદાનમાં ઉતરેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ આજે કલોલમાં ભવ્ય રોડ શો માં હાજરી આપશે. જયારે ગાંધીનગર અને રાંધેજામાં પણ ભાજપના કાર્યકરો, પેજ પ્રમુખો સાથે બેઠક કરશે. સે-૨૨ રંગમંચ ખાતે પણ સાંજે ૭ :૩૦ કલાકે વિવિધ સંસ્થાના તેમજ વેપારી આગેવાનો સાથે વિચાર વિમર્શ કરશે.

કલોલમાં રોડ શો નુ પણ આયોજન : સે-૨૨ રંગમંચ ખાતે કાર્યકરો ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાના આગેવાનો અને વેપારીઓને પણ મળશે : ડાયરાનો કાર્યક્રમ પણ યોજાશે

લોકસભાની ચુંટણીના આડે હવે માત્ર ગણતરીના દિવસો જ આડા રહ્યા છે. આકરી ગરમી વચ્ચે રાજકીય પક્ષો દ્વારા પ્રચાર ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી છે. ગાંધીનગર બેઠક પર કોંગ્રેસના ડો સી જે ચાવડા સામે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ ચુંટણી મેદાનમાં ઉતર્યા છે. જેના લીધે ભાજપના કાર્યકરોનો ઉત્સાહ બેવડાયો છે. અમિત શાહને જંગી બહુમતીથી જીતાડવા માટે કાર્યકરો તેમજ પેજ પ્રમુખોની ટીમ કામે લાગી છે. જયારે અમિત શાહ પણ તા ૧૪ એપ્રિલ ના રોજ ગાંધીનગરની મુલાકાતે આવશે. અમિત શાહની આ મુલાકાત દરમિયાન કલોલમાં રોડ શો યોજાશે જયારે રોડ શો ના અંતે રાંધેજા ખાતે સ્થિત રાજા પુરોહીત હોટલમાં ગાંધીનગર ઉત્તર વિધાનસભા પૈકી ગાંધીનગર લોકસભામાં આવતા ૧૨ ગામો તેમજ પેથાપુર નગરપાલિકાના હોદેદારો તેમજ કાર્યકર્તાઓ અને પેજ પ્રમુખ સાથે બેઠક કરશે. જયારે સે-૨૨ રંગમંચ ખાતે પણ સાંજે ૭ :૩૦ કલાકે ગાંધીનગર શહેરના હોદેદારો , કાર્યકર્તાઓ પેજ પ્રમુખો, બુથ પ્રમુખો, સંસ્થાના આગેવાનો, વેપારીઓ સહીત સ્વૈચ્છિક સંસ્થાના આગેવાનો સાથે બેઠક કરશે. આ તબક્કે ભીખુદાન ગઢવીના ડાયરાના કાર્યક્રમનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. અમિત શાહ તેમની આ મુલાકાત દરમિયાન ચુંટણી સંદર્ભે નગરના પ્રબુધ્ધ નાગરિકો સાથે પણ વિચાર વિમર્શ કરશે.



Call Us For More Detail
+91 99789 77011 / +91 75758 06832
Bungalow No.55, Saptarushi Society, Bh. Krishna Kunj Apartment, Opposite NID, Kudasan, Gandhinagar - 382 421
www.craayonspreschool.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com